### બનાસકાંઠાના આંતરિયાળ વિસ્તારના કરીમ ચાચા પાસે

# દેશ-વિદેશમાંથી લોકો વનસ્પતિની જાણકારી તેમજ આર્યુવેદ દવાઓ માટે આવે છે

પાલનપુર, તા.૨૪

બનાસકાંઠા જીલ્લા અમીરગઢ તાલુકાના વિરમપુર ગામના વૈદ કરીમભાઈ મુસાભાઈ સુમરા. જેમને લોકો કરીમચાચાના નામથી ઓળખે છે આ સામાન્ય ઘરમાં ભલે રહેતા હોય પરંતુ કરીમચાચાને મળવા દેશ વિદેશમાંથી લોકો આવે છે. કારણકે કરીમચાચા ઔષધિથી નાના મોટાથી લઈ કેન્સર સુધીના રોગો મટાડે છે કરીમચાચા વનસ્પતિને હાથ લગાવતા જ તેના ફાયદા ગેરફાયદા જાણી લે છે.કરીમચાચા પાસે ગુજરાતના ખૂણે ખૂણેથી લોકો આવે છે. કારણકે જે કામ ડોક્ટરોથી નથી મટતુ તે સંસ્થા આઈઆઈએમ દ્વારાપણકરીમચાચાને સર્ટીફીકેટ આપવામાં આવ્યુ છે.જો કે એવોર્ડ થી સન્માન થયા બાદ કરીમચાચા હાલમાં લોકો ની આર્યુવેદ દવાઓ માટે ભીડ જામે છે.

વિરમપુર ગામલોકો કહે છે કે કરીમચાચાએ ઔષધિથી અનેક લોકોના દૂખ દૂર કર્યા છે.આજના આધુનિક યુગમાં લોકો ડોક્ટરોની અનેક દવાઓ લેતા હોય છે પરંતુ દવાઓથી ફરક નપડતાં લોકો કરીમચાચાની મુલાકાત અચુક લે છે.એટલું જ નહી કરીમચાચા આદિવાસી લોકોને મફત સેવા પણ આપે છે.



કરીમચાચાને ૧૯૯૫માં રાષ્ટ્રપતિ અબ્દુલ કલામના હસ્તે એવોર્ડ પણ મળેલો છે

કામ કરીમ ચાચાએ સાબિત કરીને બતાવ્યુ છે. કરીમ ચાચા આમ તો અભણ છે પરંતુ ભણેલા માણસને પણ હાવી થઈ જાય તેવી વનસ્પતિની જાણકારી ધરાવે છે. આસપાસના જગલોમાં જાતે જ ઔષધિથી વનસ્પતિ શોધવા જાય છે અને બાદ જુદા જુદા રોગો માટે જાતેજ ઘરે બેઠા આર્યુવેદ દવાઓ બનાવે છે બાદ પ્લાસ્ટિકના પાઉચમાં પેકિંગ કરે છે મહત્વ ની વાત એ છે કરીમચાચાને ૧૯૯૫ની સાલમાં રાષ્ટ્રપતિ અબ્દુલ કલામના હસ્તે એવોર્ડ પણ મળેલો છે.એટલુ જ નહીં દેશની નામાંકિત



વનસ્પતિની અને ઔષધિની જાણકારી ધરાવતા કરીમચાચા પાસે જાપાન અને જર્મનીમાંથી દર વર્ષે લોકો આવે છે. એટલુ જ નહીં અંગુઠા છાપ કરીમચાચાને એક ખાનગી સંસ્થાએ કેનેડાનો પ્રવાસ પણ કરાવ્યો છે.૭૦ વર્ષીય કરીમચાચાએ ઔષધિ વડે લોકોના કેન્સર,કિડની જેવા રોગ મટાડી હાલ તો ભગવાન સાબિત થયા છે.પરંતુ કરીમચાચાને સરકાર તરફથી પ્રોત્સાહન મળે તો કરીમચાચા પોતાની જાતને સાબિત કરવા તત્પર છે

# તલોદનગરમાં કરોડોના ખર્ચે નિર્માણાધિન ભૂગર્ભ ગટર યોજના જેમની તેમ

તલોદ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના તલોદ વિસ્તારમાં લાંબા સમયગાળાથી નિર્માણ પામી રહેલી ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી અનેક ખામીઓથી ભરેલી રહેવા પામી છે.

ગટર લાઈનના કામકાજમાં અનેક અખાડા થવા પામ્યા હોવાનું સતત ચર્ચામાં રહ્યું છે.

સરકારી ચોપડે માત્ર તૈયાર થઇ ગયેલી તલોદની આ ગટર યોજનાને હજુ એક ચોમાસુ વિતાવવાનો વારો આવ્યો નથી ત્યાં... તો... નગરના અનેક વિસ્તારોની કુંડીઓ ઉભરાઈ રહી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

તલોદનગર વિસ્તારને સાંકળી આ ભૂગર્ભ ગટર યોજના ૧૦૦ટકા રાજ્ય સરકારની ગ્રાન્ટમાંથી બનાવવા તે માટે અંદાજિત રૂ. ૨૧.૩૪ કરોડના ખર્ચની વહીવટી મંજુરી ૨૦૧૧માં રાજ્ય સરકારે આપી હતી. જેથી કામગીરી અને દેખરેખ પાણી પુરવઠા બોર્ડે સંભાળવાની હતી. ગટર યોજનાની સંપૂર્ણ કામગીરી ૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરવાની હતી પરંતુ વાસ્તવિક્તા એવી છે કે ચાલુ મે માસ ૨૦૧૬ના અંત સુધી પણ અહી સંપૂર્ણ યોજના આકાર પામી જ નથી. આથી સેંકડો પરિવારો ગટર યોજનાના લાભથી વંચિત રહેવા મજબુર બન્યા છે. તલોદના સેંકડો મકાનોને ગટર યોજનાનું જોડાણ હજુ મળેલ નથી તો બીજી તરફ ભૂતકાળમાં ગેરકાયદેસર જોડામ કરનારાઓની સંખ્યા સેંકડોમાં હોવા છતાં જવાબદાર એકમે કોઈ જ પગલાં ભર્યા ન હતા. અંદાજિત રૂ. ૨૨ કરોડના આંધણ પછી તલોદમાં નિર્માણ પામી રહેલી ગટર યોજના ફેઈલ જશે તેવું નગરજનોમાં ચર્ચાઈ રહ્યું છે.

## પ્રાંતિજ એલ.આઈ.સી. કચેરીમાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ

પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ ભારતીય જીવનવીમા કચેરી (એલ.આઈ.સી.)માં અજાણ્યા તસ્કરો દ્વારા ચોરીનો નિષ્ફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો. પ્રાંતિજના હાર્દ સમાન એપ્રોચ રોડ ઉપર આવેલ ભારતીય જીવન વિમા કચેરીમાં ગત રાત્રીના સમયથી અજાણ્યા તસ્કરો દ્વારા પાછળના ભાગેથી ધાબા ઉપર ચડી છત ઉપર લગાવેલ સિમેન્ટનું પતરું તોડી અંદર પ્રવેશ કરી ઓફિસનો મુખ્ય દરવાજાનો કાચ તોડી ઓફિસમાં પ્રવેશ કરી ઓફિસમાં મુકેલ સેફ તિજોરી તોળવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ઓફિસમાં પ્રવેશ કરી કુમાર વાલજીભાઈ પ્રમાણી (રહે, માતૃછાયા) જાણ કરતાં પોલીસ સ્ટેશન ઘટના સ્થળે જઈ અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો નોંધીને આગળની તપાસ હાથધરી છે.

# ધાનેરાની સીટી સર્વે ઓફીસમાં ખુલ્લેઆમ પૈસાની માંગણી કરતા જનતામાં રોષ

ધાનેરા,તા.૨૪

ધાનેરા ની સીટી સર્વે કચેરી માં દિન પ્રતિદિન લોકોની હેરાન ગતિમાં વધારો થઈ રહ્યો છે અને લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યા છે ત્યારે હવે ગુજરાત સરકારને જાગવાની જરૂર છે ધાનેરાની સીટી સર્વે ઓફીસ માં ફરજ બજાવતા આયુષભાઈ જે દરરોજ ધાનેરા થી પાલનપુર અપડાઉન કરે છે મનફાવે ત્યારે આવે અને મનફાવે ત્યારે ઓફીસ ખોલે જેથી લોકોને કામ અટવાઈ જવા પામ્યા છે અને લોકોને કામ માટે ખુબજ હેરાન થવું




પડે છે જેથી ધાનેરા ના લોકો કહી રહ્યા છે કે શું ધાનેરા સીટી સર્વે ને રહેવા માટે ક્વોટર ની વ્યવસ્થા નથી અને જો છે તો તે ક્વોટર માં કોણ રહે છે કેમ સીટી સર્વે અધિકારી નથી રહેતા કે પછી સીટી સર્વે અધિકારી ને સરકારી ક્વોટર માં રહેવું નથી ગમતું?

જેથી હવે ધાનેરાના લોકો કહી રહ્યા છે કે ગુજરાત સરકાર ને જાગવાની જરૂર છે અને પૈસાના પુજારી એવા અધિકારીને ઘર ભેગા કરવા ની જરૂર છે અને જે અધિકારી ને ઘરે રહેવું ગમે છે અને સરકારી ક્વોટર માં રહેવું નથી ગમતું એવા અધિકારી ને કાયમ માટે ઘરે મોકલી દેવાની જરૂર છે જેના લીધે લોકોતો હેરાન થતા થતા બચે હવે જોવાનું એ રહે છે કે સરકાર દ્વરા આ અધિકારી સામે શું પગલા ભરાય છે તે તો આવનારો સમય જ બતાવશે.

અને પૈસાના પુજારી એવા અધિકારી ને ઘર ભેગા કરવા ની જરૂર છે

ધાનેરાની સીટી સર્વે ઓફીસમાં કોઈ લોકો પોતાના કામ માટે જાય અને તેમને કઈ કામ કરાવવાનું હોય તો ત્યાં લોકો પાસે ખુલ્લેઆમ પૈસા ની માંગણી કરવામાં આવે છે અને જો પૈસા આપવાની ના પડે તેનું કામ અટકાવી તેને ધુત્કારી કાઢી મુકવામાં આવે છે તો હવે અહી સવાલ એ ઉભો થાય છે કે લોકો પાસે પૈસા ની માંગણી કરનાર સામે તંત્ર દ્વરા કોઈ પગલા કેમ ભરવામાં નથી આવતા જેથી અત્યારે ધાનેરામાં લોકોની માંગ ઉઠવા પામી છે કે લોકો પાસે પૈસાની માંગણી કરનાર અને સીટી સર્વે અધિકારી ની જીલ્લા કલેકટર સાહેબ શાન ઠેકાણે લાવે.

# મોડાસાના રાજલી ગામે વરઘોડામાં ડી.જે. સાઉન્ડ વગાડવાનું ના પાડતા યુવાન પર લાકડીથી હુમલો

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના રાજલી ગામે સોમવારે સામાન્ય બોલાચાલી બાદ ક્ષત્રિય સમાજના બે જૂથો સામ-સામે આવી જતા જૂથ અથડામણ થઈ હતી. જેમાં સ્થિતિનો માહોલ પ્રવર્તી રહ્યો છે.

મોડાસા તાલુકાના રાજલી ગામે સોમવારે રાત્રીના ૯ કલાકે એક યુવાનના નિકળેલા વરઘોડામાં ડી. જે. સાઉન્ડ નહિ વગાડવાની સામાન્ય બોલાચાલીના મુદ્દે જૂથ અથડામણ અમરતસિંહ મકવાણા (ત્રમેય રહે રાજલી) લાકડીઓ વડે તૂટી પડી લાકડીનો માથાના ભાગે પ્રહાર કરતા ગીરીશભાઈ ફસડાઈ પડતા અફડાતફડી મચી ગઈ હતી. યુવાનના માથાના ભાગે ગંભીર ઈજો



એક યુવાનને ત્રમ યુવાનોએ ભેગા મળી લાકડીઓ વડે હુમલો કરતા યુવાનના માથાના ભાગે ગંભીર ઈજો પહોંચતા ઈજાગ્રસ્ત યુવાનને તાબડતોબ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ દ્વારા મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાયો હતો. રાજલી ગામે મોડાસા રૂરલ પોલીસ દ્વારા તપાસ હાથ ધરી ત્રણ યુવાનોની ધરપકડ કરી હતી. હાલ રાજલી ગામમાં અજંપાભરી થતાં બંને જૂથના લોકો લાકડીઓ લઈ તૂટી પડતાં ૫ થી વધુ લોકોને શરીરે ઈજાઓ પહોંચી હતી. સોમવારે રાત્રીના સમયે ડી. જે. વગાડવાની વરઘોડામાં ના પાડતા રાજલીના ગીરીશભાઈ શિવસિંહ પરમાર (ઉ.વર્ષ ૨૨) પર ગામના જ ત્રણ યુવકો એક સંપ મળી ગેરકાયદેસર મંડળી રચી ભૂપેન્દ્રસિંહ અમરતસિંહ મકવાણા, સોમસિંહ અમરતસિંહ મકવાણા અને ધર્મેન્દ્રસિંહ થતા ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાયો હતો. ઈજાગ્રસ્ત યુવાનના માથાના ભાગે ૭ ટાંકા લેવાની તબીબોને ફરજ પડી હતી. આ ઘટનાની જાણ મોડાસા રૂરલ પોલીસને થતા તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી લાકડીઓ વડે હુમલો કરનાર ત્રણેય યુવકોને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.




## અરવલ્લી સાબરકાંઠામાં વંડર સિમેન્ટ કંપની દ્વારા પીવાના પાણીના ઠંડા પાણીનું વિતરણ

ગુજરાતના અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં વંડર સિમેન્ટના મુખ્ય ઉત્પાદિત પ્લાન્ટ રાજસ્થાનના ચિતોડ ઉદેપુર દ્વારા ગુજરાતમાં પડી ગયેલ કાળઝાળ ગરમીને લીધે અંતરિયાળ વિસ્તારમાં પીવાના પાણીની તીવ્ર અછત ઊભી થવા પામી છે. ત્યારે આ વંડર સિમેન્ટ કંપની દ્વારા અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના ગામો ઉપરાંત ગુજરાતના દરેક અંતરિયાળ ગામોમાં આ કંપની પીવાનું ઠંડું મીનરલ પાણી ગામે ગામ ફરીને લોકોને પાણીની નિઃશુલ્ક સેવા પુરુ પાડી રહી છે.

# પાલનપુરમાં ગૌરવ વિકાસ યાત્રાનું સ્વાગત કરાયું

પાલનપુર, તા.૨૪

કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારના બે વર્ષ પૂર્ણ થતાં ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા રાજયના વિવિધ જિલ્લામાં ગૌરવ વિકાસ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બનાસકાંઠાના અંબાજી ખાતેથી કેન્દ્રીય ગૃહરાજય મંત્રીના નેતૃત્વમાં આજે આ વિકાસયાત્રા પાલનપુર પહોંચતા ગઠામણ ગેટ ખાતે આતશબાજી સાથે નગરપાલિકા ઉપપ્રમુખ અને તેમની ટીમ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

યાત્રાના પ્રારંભે ઈન્ચાર્જ અનિકેત ઠાકોરે સ્વાગત પ્રવચન કર્યું હતું. જિલ્લા ભાજપ અધ્યક્ષ કેશાજી ચૌહાણે યાત્રાનું હેતુ સમજાવ્યો હતો. જયારે કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરીએ પાલનપુરમાં તેમના દ્વારા ફાળવાયેલી વિવિધ ગ્રાન્ટોનો ઉલ્લેખ કરી કેન્દ્ર અને ગુજરાત સરકાર દ્વારા વિકાસની હારમાળા સર્જી રાજય અને દેશને વિશ્વના નકશા ઉપર વિકાસશીલ દેશોની હરોળમાં પ્રથમ સ્થાને મુક્યું છે તેમ જણાવ્યું હતું.

આ યાત્રાની સાથે યાત્રાના જિલ્લા ઈન્ચાર્જ માધુભાઈ રાણા ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ડાયરેકટર ગણપતભાઈ જોષી જિલ્લા કો-ઓર્ડીનેટર ગણપત ભાઈ પટેલ અને અન્ય અગ્રણી સાથે જોડાયા.

## શ્રી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ બારીશી સમાજ પ્રેરીત હિંમતનગર ધર્મશાળાના હોદ્દેદારોની નિમણુંક

શ્રી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ બારીશી સમાજ પ્રેરીત હિંમતનગર ધર્મશાળાના હોદ્દેદારોની નિમણુંક કરાતાં આનંદની લાગણી પ્રસરી છે. શ્રી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ બારીશી સમાજ, હિંમતનગર ધર્મશાળા ચેરમેન જગદીશચંદ્ર એચ.વ્યાસ, વા. ચેરમેન કમલેશભાઈ એસ. મહેતા, વા. ચેરમેન દિનેશભાઈ જી. ભટ્ટ, મંત્રી સુરેશચંદ્ર પી.ઉપાધ્યાય, સહમંત્રી હરીપ્રસાદ જી.પંડ્યા (વાંકાનેર), ખજાનચી યશવંતભાઈ જી.પંડ્યા (બાંખોર), સહખજાનચી વિજયભાઈ ડી.જોષી (સરવણા) સહિત ટ્રસ્ટીઓની વર્ષ ૨૦૧૬ થી ૨૦૨૧ સુધી નિમણુંક કરાતાં શ્રી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ બારીશી સમાજના અગ્રણીઓએ હોદ્દેદારો અને ટ્રસ્ટીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# મેઘરજ પોલીસ સ્ટેશનમાંથી વાહન ચોરીનો આરોપી ફરાર

અરવલ્લી જિલ્લાના મેઘરજમાં વાહન ચોરીના ગુન્હામાં પકડાયેલ આરોપી મેઘરજ પોલીસ સ્ટેશનના લોકઅપમાંથી એકાએક ફરાર થઈ જતાં પોલીસતંત્ર સામે અનેક પ્રકારના પ્રશ્નો ઉપસ્થિત થયા છે. મેઘરજ અને આજુબાજુના અન્ય વિસ્તારોમાંથી અસંખ્ય વાહન ચોરીનો આરોપી ફિરોજભાઈ ઈસુબભાઈ શેખ રહે. મેઘરજ ઈન્દિરાનગર જેઓ બાલાસીનોર પોલીસ સ્ટેશનના ગુન્હામાં નડિયાદ સબજેલમાં કેદ હતો ત્યારે આ આરોપીનું મેઘરજ કોર્ટમાં ટ્રાન્સફર વોરંટ કઢાવી મેઘરજ પોલીસ સ્ટેશનના કસ્ટડીમાં મુકી દેવામાં આવ્યો હતો. રાત્રે આશરે દસેક વાગ્યાના અરસામાં મેઘરજ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ.એ પી.એસ.ઓ.ને આ બાબતે સાવધ રહેવા ચેતવણી આપી હોવા છતાં આ પી.એસ.ઓ.એ ફરજમાં બેદરકારી દાખવી આ આરોપીને પિતા આરોપીને મળવા માટે આવ્યા હતા અને ચા-પાણી કરવા મારા દિકરાને બહાર કાઢો તેથી જમાદારે આ આરોપીને લોકઅપમાંથી બહાર કાઢતાં તે આરોપી અચાનક ત્યાંથી ફરાર થઈ જતાં મેઘરજ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ.એ ફરાર આરોપી અને આરોપીને ભગાડવામાં મદદ કરનાર તેના પિતા ઈસુબભાઈ અનવરભાઈ શેખ તેમજ પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. સામે પોતાની ફરજમાં બેદરકારી દાખવવા બદલ આ ત્રણેય સામે કાયદેસરનો ગુન્હો નોંધી ફરાર આરોપીને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

# પાલનપુરમાં કૃષિ મહોત્સવ યાજાયો

પાલનપુર, તા.૨૪

પાલનપુર માર્કેટયાર્ડ ખાતે કેન્દ્રીય ગૃહ રાજયમંત્રી હરીભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને પાલનપુર, વડગામ અને ડીસા તાલુકાનો કૃષિ મહોત્સવ અને પ્રદર્શન યોજાયું હતુ. જેમાં ખેતીવાડી અને બાગાયત વિભાગના લાભાથી ખેડુતોને ટ્રેકટર ખરીદવા મંજૂરી પત્રો અને ચેક એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મંત્રીહરીભાઈ ચૌધરીએ પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું હતુ કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં ખુબ ઝડપથી બદલાવ આવી રહ્યો છે.

કેન્દ્રીય ગૃહ રાજયમંત્રી હરીભાઈ ચૌધરીએ જણાવ્યુ હતુ કે ખેડુતોના પાકને રક્ષણ આપવા પ્રધાનમંત્રી પાક વીમા યોજના, દેશની નદીઓને જોડીને ખેડુતોના ખેતરો સુધી પાણી પહોંચાડવા પ્રધાનમંત્રી સિંચાઈ યોજના, પ્રધાન મંત્રી જીવન જયોતિ અને જીવન સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના સહિત અનેક યોજનાઓમાં અમલી બનાવાઈ છે અને બે વર્ષમાં ૮૦૦ જેટલાં પ્રજાહિતના મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. જેનાથી ઝડપભેર સુખી અને સમૃધ્ધ




સમાજનું નિર્માણ થશે. તેમણે ઉમેર્યુ કે ખેડુતોને સમયસર ખાતર મળી રહે તે માટે ખાતરને નીમકોટેડ બનાવવામાં આવ્યું છે. આમ સરકાર ખેડુતોની સતત ચિંતા કરી પુરતી કાળજી રાખે છે. મંત્રીશ્રીએ કહ્યું કે રાજયનાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના નેતૃત્વમાં રાજયની વિકાસકૂચ ઝડપી ગતિએ આગળ વધી રહી છે. તેમણે જણાવ્યું કે ખેડુતોને માત્ર ૧ ટકાના દરે ધિરાણ મળે તેવી વ્યવસ્થા રાજય સરકાર ધ્વારા કરવામાં આવી છે. અકસ્માતે મૃત્યુ પામનાર ખેડુતને રૂ.૧ લાખ સહાય અપાતી હતી તેમાં વધારો કરી રૂ.૪ લાખ કરવામાં આવી છે તેમ તેમણે જણાવ્યું હતું. મંત્રીશ્રીએ કહ્યુ કે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની ગતિશીલ સરકારે મહિલાઓ માટે સરકારી નોકરીમાં ૩૩ ટકા અનામત અને કેન્સર, કિડની જેવી ગંભીર બિમારીઓમાં વિનામૂલ્યે સારવાર જેવી આરોગ્યની યોજનાઓ બનાવી છે. જેનાથી મા-બહેન-બેટીને મોતના મુખમાંથી બચાવી શકાશે તેમ જણાવ્યું હતું.

જિલ્લા ખેતીવાડી ખાતું અને વિસ્તરણ બાગાયત નિયામકની કચેરી ધ્વારા યોજાયેલ આ કૃષિ મહોત્સવમાં પ્રગતિશીલ ખેડુતોને આત્મા ધ્વારા બેસ્ટ ફાર્મરના એવોર્ડ, પ્રમાણપત્ર અને પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતાં.





કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના સંયુકત ઉપક્રમે બનાસકાંઠા જિલ્લામાં સ્વામી વિવેકાનંદ યુવક મંડળ અને સ્વામી વિવેકાનંદ મહિલા મંડળની જિલ્લાકક્ષાની ક્રિકેટ, ટેનીશ, વોલીબોલ અને રસ્સાખેંચ, તથા બહેનો માટે રસ્સાખેંચ અને સંગીત ખુરશી અને ઉભી ખો જેવી વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. તાલુકામાં વિજેતા થયેલ ટીમો માટે જિલ્લાકક્ષાએ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ડીસા સ્પોર્ટસ ક્લબ ખાતે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ડિરેકટરગણપતભાઈ જોષી, ગુજરાત એસ.ટી.નિગમના ડિરેકટર દિનેશભાઈ અનાવાડીયા, ડીસા નગરપાલિકાના પ્રમુખ પ્રવિણભાઈ માળી, વિવેકાનંદ યુવક મંડળના ચેરમેન ગૌરાંગભાઈ પાધ્યા, કનકસિંહની ઉપસ્થિતમાં સ્પર્ધાઓનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.